પૂર્વછાયો- બહુ નામી કૃષ્ણદેવનાં, સુણો સર્વે ચરિત્ર રસાળ ।
ભકત અભકત કારણે, ફરે હદ્ય બેહદ્યે દયાળ ॥૧॥
સંતને સુખ આપવા, દેવા દુષ્ટજનને દંડ ।
તેજ કારણ પ્રભુએ, પૃથિવીએ ધર્યું છે પંડ ॥૨॥
જીયાં જીયાં જાવું ઘટે, તિયાં તિયાં જાય જરૂર ।
સુખ દુઃખ ભૂખ પ્યાસનું, નથી ગણતા નિકટ દૂર ॥૩॥
પછી એકા એક ચાલિયા, મહાવિકટ અદ્રિમાંય ।
નવ લાખ યોગીને નિરખવા, ચાલ્યા પ્રભુજી બહુ ઉછાય॥૪॥

ચોપાઇ- ચાલ્યા પર્વત પેખવા હરિ, આવ્યો અતિવસમો અદરિ ।
જાવા વાટ જડે નહિ જીયાં, જાવું જરૂર પોતાને તિયાં ॥૫॥
જાતાં એ દિશે મનુષ્યે વાર્યું, પણ કર્યું છે પોતાનું ધાર્યું ।
ચડ્યા પર્વત ઉપર પોતે, ચાલ્યા શૈલતણી શોભા જોતે ॥૬॥
આવી નવલાખ ધુણી રૂપાળી, તે તો સહેજે બળે વણબાળી ।
તિયાં કુંડ દિઠા છે અપાર, ભર્યાં જળ અમળ તે મોઝાર ॥૭॥
ક્યાંક ટાઢાં જળ ક્યાંક ઉનાં, એમ બહુ કુંડ દીઠા નીરુના ।

પછી ત્યાંના રહેનારા જે સિદ્ધ, મળ્યા તે પણ આવી પ્રસિદ્ધ ॥૮॥
જેની કોઈને ભેટ ન હોય, મર મોટા મુક્તયોગી હોય ।
તેને સહુને મળ્યા એકવાર, કર્યા પરસ્પર નમસ્કાર ॥૯॥
પછી પ્રેમે બેઠા સહુ પાસ, પુછ્યો યોગીને યોગ અભ્યાસ ।
કહ્યું તેણે તેનું વરતંત, સુણી હરિ હરખ્યા અત્યંત ॥૧૦॥
કહ્યું સિદ્ધને છો ધન્ય ધન્ય, એમ કહી રહ્યા ત્રણ્ય દન ।
આપી આનંદ ત્યાંથી ઉતર્યા, ચાલ્યા હરિ બહુ મોદ ભર્યા ॥૧૧॥
નવ લાખ યોગીને નિરખી, ચાલ્યા હસ્તિ મારગે હરખી ।
ત્યાંથી શુદ્ધ ઉત્તરમાં વળી, રહ્યો રામકોટ જળમળી ॥૧૨॥
તિયાં જાવાનું કીધું છે મન, પણ ત્યાંતો ન ગયા જીવન ।
જોતા વન પર્વત વિશાળ, ગયા બાલવા કુંડે દયાળ ॥૧૩॥
જોયો કુંડ એ જુગતે કરી, ત્રણ્ય રીત્યને રહ્યો તે ધરી ।
વાયુ અગ્નિ જળ ત્રણ્ય મળી, તેના સમોહ રહ્યા નિકળી ॥૧૪॥
તિયાં રહ્યા પોતે ત્રણ્ય દન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન ।
કર્યો અગ્નિ ખુણે પરવેશ, ચાલ્યા જોતા જોતા સર્વે દેશ ॥૧૫॥
ગયા ગંગા સિંધુને સંગમે, નાયા તેમાં પોતે જઈ સમે ।
રહ્યા ત્રણ્ય દિવસ તિયાં હરિ, ચાલ્યા સમુદ્ર ખાડી ઉતરી ॥૧૬॥
આવ્યા કપિલજીને આશ્રમે, જેહ જાયગા સહુને ગમે ।
ચ્યારે કોરે શોભે સમુદર, મધ્યે આશ્રમ અતિ સુંદર ॥૧૭॥
સાંખ્યશાસ્ત્રના આચાર્ય જેહ, તેના ગુરુ કપિલજી તેહ ।
કરે છે તપ પોતે સમર્થ, સર્વે જીવના કલ્યાણ અર્થ ॥૧૮॥
જ્ઞાન વૈરાગ્ય ભક્તિ ને ધર્મ, યોગસહિત પાંચ જે પર્મ ।
તેના સ્થાપનના કરનાર, એવા કપિલનાં કર્યાં દેદાર ॥૧૯॥
રહ્યા ભક્તિ સુત તિયાં માસ, પછી ત્યાંથી ચાલ્યા અવિનાશ ।
આવ્યા પુરુષોત્તમ પુરીમાંઈ, નિર્ખ્યા જગન્નાથજીને ત્યાંઈ ॥૨૦॥
પછી રહ્યા પોતે એહ ઠામ, કાંયેક ધાર્યું છે કરવું કામ ।
નાય સમુદ્રમાં જઈ નિત્યે, નિરખી જગન્નાથજીને પ્રીત્યે ॥૨૧॥

કર્યું આસન શહેરથી બારું, ઇંદ્રદ્યુમ્ન સર જોઈ સારું ।
તિયાં દીઠા છે અસુર ઘણા, વેષ લઈ સિદ્ધ સાધુ તણા ॥૨૨॥
કામ ક્રોધ ને મત્સર અતિ, માંહોમાંહિ છે વૈરની મતિ ।
ધર્મદ્વેષી કપટી ને કામી, વેષ શૈવા વૈષ્ણવી ને વામી ॥૨૩॥
મંત્ર જંત્ર જાણે છે અપાર, તેણે વશ કર્યા નરનાર ।
મુકાવી વર્ણાશ્રમનો ધર્મ, કર્યા ભ્રષ્ટ બગાડી બેશર્મ ॥૨૪॥
મોટા મોટા સાધુ સેવા ફળ, કહી દેખાડે નારી આગળ ।
એમ કહીને ધર્મથી પાડે, સાધુનિંદાનું પાપ દેખાડે ॥૨૫॥
એવા અધર્મે ભર્યા અપાર, દીઠા હરિએ હજારો હજાર ।
ધર્યા હાથે તિખાં હથિયાર, લીધા ધોકા છરા ને કટાર ॥૨૬॥
ખડગ ખાંડાં લાકડી લુવાગ્યું, કર કમાન્યું સલકે સાંગ્યું ।
બહુ બંધુકું ને કોક બાણ, ચક ચિપિયા લીધા છે પાણ ॥૨૭॥
પર્શુ ત્રિશુળ બરછિયો લઈ, જંજાળ્યો આદ્યે શસ્ત્ર છે કઈ ।
અતિશૂરા ઇચ્છે નિત્ય યુદ્ધ, કેટલાક ન રાખે આયુધ ॥૨૮॥
કેટલાક ત્યાગી તપ કરતા, કેટલાક સૌમ્ય વેશ ધરતા ।
કૌલાર્ણવ ગ્રંથ વાંચે નિત્યે, પૂજે શક્તિ ભૈરવને પ્રીત્યે ॥૨૯॥
એવા દીઠા છે નાથે અપાર, મહા પાપરૂપ ભૂમિ ભાર ।
તિયાં રહ્યા પોતે અવિનાશ, કરવા એવા અસુરનો નાશ ॥૩૦॥
પણ પોતાથી ન થાય રતિ, કાંજે રાખે છે અહિંસાવૃત્તિ ।
બેસી રહ્યા વિચારી એ વિધ, ત્યારે લોકે જાણ્યા છે આ સિદ્ધ ॥૩૧॥
એમ જાણીને પુછે છે જેહ, કહે હરિ થાય તેમ તેહ ।
ત્યારે લોકને આવી પ્રતીત્ય, લાવે અન્ન વસ્ત્ર દ્રવ્ય નિત્ય ॥૩૨॥
તેહ માંયલું કાંય ન લીયે, ભૂત ભવિષ્યનું કહી દિયે ।
એમ કરતાં તે એક દન, આવ્યા પાસળે અસુર જન ॥૩૩॥
કહે કર અમારું તું કાજ, લાવ્ય જળ ઇંધણાં સમાજ ।
દઈ ડારો ને બહુ ડરાવ્યા, ન કરવાનાં કામ કરાવ્યાં ॥૩૪॥
કરે કામ જડભરત જેમ, ત્યારે બીજા કે મ કરો એમ ।

તેયે તેશું બોલ્યા ક્રોધ કરી, એનો પક્ષ મેલો પરહરી ॥૩૫॥
એમ વદતાં પડ્યો વિરોધ, માંહોમાંહિ ઉપન્યો કરોધ ।
પછી તેમાં પડ્યાં તડ બેહુ, નિંદા પરસ્પર કરે તેહુ ॥૩૬॥
એમ કરતાં બંધાણું વેર, ઈચ્છ્યા મારવા નહિ જેને મેર ।
પ્રથમ તો બોલી ઠોલી થઈ, પછી ઉઠ્યા લઠા મોટા લઈ ॥૩૭॥
લીધી લડવા પહેલી લાકડી, તેતો પરસ્પર બહુ પડી ।
પછી લીધાં ખાંડાં કરમાંય, આવ્યા સામસામા મળી ધાય ॥૩૮॥
નાખે બર્છિયો બહુ સામસામી, ચાલે લુવાગ્યું ન રહે ખામી ।
સલકે સાંગ્ય ને સણેણે તીર, લડે માંહોમાંહે શૂરવીર ॥૩૯॥
કરે પર્શુના બહુ પ્રહાર, નાખે ધોકા છરા ને કટાર ।
તીખાં ત્રિશૂળ ચાલે ત્યાં ઘણાં, કરે ઘા ચક્ર ચિપિયા તણા ॥૪૦॥
બંધુકો જંજાળ્યો કોકબાણ, નાખે માંહોમાંહે અસુરાણ ।
એમ જોરે મંડાણું છે યુદ્ધ, પામ્યા ત્રાસ આકાશે વિબુધ ॥૪૧॥
વાજે ઢોલ નગારાં જુજાર્યો, ચાલે સામસામી તરવાર્યો ।
તુરી રણશિંગાં બોલે શંખ, પડે પાપીનાં માથાં અસંખ્ય ॥૪૨॥
મચ્યો યુદ્ધ રહી નહિ મણા, પડ્યાં પૃથિવીએ ધડ ઘણાં ।
તેને દેખી હરખ્યાં માંસારી, કહે ખાશું આજ ખુબ કરી ॥૪૩॥
ભૂત પ્રેત ને આવ્યા ભૈરવ, પિશાચ યક્ષ રાક્ષસ સર્વ ।
ડાકણી સાકણી ને જોગણી, આવી ભૂખી ભૈરવીયો ઘણી ॥૪૪॥
કંક કાગ ને વળી કુતરા, થઈ ગૃધ્ર શિયાળ ને સરા ।
પડ્યાં માથાં પૃથ્વી પર રડે, જાણ્યું દૈત્ય રમી ગયા દડે ॥૪૫॥
કૈકના હાથ પગ કપાણા, કૈક નાશી ભાગીને છપાણા ।
એમ યુદ્ધ થયું બહુ પેર, દશસહસ્ર ગયા યમ ઘેર ॥૪૬॥
એટલા તો ઈયાંતળ રહ્યા, બીજા નાશી ભાગી પણ ગયા ।
તેતો દેશ પ્રદેશે પ્રવરી, બીજા દૈત્યો આગે વાત કરી ॥૪૭॥
કહ્યું એક હતો નાનો બાળ, તેને જાણતા અમે દયાળ ।
તેને અર્થે વધિયો વિરોધ, મુવા માંહોમાંહિ કરી ક્રોધ ॥૪૮॥

ત્યારે અસુર બોલિયા એમ, એને ઓળખીયે અમે કેમ ।
ત્યારે કહ્યું આપીએ એંધાણ, તેણે પડે તમને પેછાણ ॥૪૯॥
અતિ ત્યાગી તપસ્વી છે તને, નથી લોભાતો નારી ને ધને ।
રહે છે સમાધિમાં દિન રાત, વળી જાણે છે મનની વાત ॥૫૦॥
એથી પડ્યો પરસ્પર ભેદ, થયો તેણે આપણો ઉચ્છેદ ।
માટે મળે તો મેલવો નહિ, એવી વાત અસુરને કહિ ॥૫૧॥
એવું સુંણીને બોલ્યા અસુર, હવે ગોતશું એને જરૂર ।
જો મળશે તો મારશું છળે, એમ બંધાણું વેર સઘળે ॥૫૨॥
એમ દૈત્યે કર્યું પરિયાણ, તેને જાણે છે હરિ સુજાણ ।
કહે છે જેમ થશે તેમ ઠીક, નથી આત્માને કેની બીક ॥૫૩॥
એમ કહી જોયું તતખેવ, દીઠા દૈવી સંપત્તિના જીવ ।
તેને પોતે ઉપદેશ આપી, કર્યા સુખી ભવદુઃખ કાપી ॥૫૪॥
આ જે હરિચરિત્ર અનૂપ, કૃષ્ણભક્તને છે સુખરૂપ ।
તેને કહેશે સાંભળશે જેહ, મહાકષ્ટથી મુકાશે તેહ ॥૫૫॥
આલોકમાં પણ સુખી રહેશે, પરલોકે પરમ સુખ લેશે ।
પાપહરણી કથા છે પવિત્ર, જેમાં પ્રગટ પ્રભુનાં ચરિત્ર ॥૫૬॥
ભક્ત હશે તે સુણશે ભાવે, અભક્તને અર્થ નહી આવે ।
કહેશે હેતે સાંભળશે કાન, તે પર રાજી થાશે ભગવાન ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીહરિ ચરિત્ર નામે
તેત્રિશમું પ્રકરણમ્ ॥૩૩॥